અમેરિકન અવકાશ સંસ્થા નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન(નાસા)ની સ્થાપનાનું આ ૫૦મું વર્ષ છે. ત્યારે વાત કરીએ નાસાના એક મૂળ વડોદરાના ગુજરાતી વિજ્ઞાનીની..

અંતરિક્ષયાત્રીઓને પાઠ ભણાવતા ડૉ. કમલેશ લુલ્લા

અમેરિકાનું હ્યુસ્ટન શહેર. જ્યાં વિશ્વ વિખ્યાત અવકાશ સંસ્થા નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન(નાસા)નું અનેક વિભાગોમાં પથરાયેલું વડું મથક આવેલું છે. જુદા જુદા સંખ્યાબંધ વિભાગોમાંથી આપણે જવાનું છે જ્હોન્સન સ્પેસ સેન્ટર(જેએસસી)માં. જેએસસીના વડા છે આપણા ગુજરાતના ડૉ.કમલેશ લુલ્લા. નાસાના વખતોવખત અવકાશમાં જતા સ્પેસયોદ્ધાઓને ત્યાં જઈને કઈ રીતે પૃથ્વીનું અવલોકન કરવું? શું જોવું? કેમ જોવું? કેવા ફોટા પાડવા? વગેરે બાબતોનું માર્ગદર્શન આપવાનું કામ કમલેશભાઈ કરે છે. એટલે તેઓ નાસાના પૃથ્વી અવલોકન વિભાગના ચીફ વિજ્ઞાની છે. ધરતી પર બેઠા બેઠા અવકાશવીરોને માર્ગદર્શન આપતા ડૉ.લુલ્લાની 'નાસા' સુધીની સફર ભારે રોમાંચક છે. ચાલુ વર્ષ નાસાની સ્થાપનાનું ૫૦મું વર્ષ છે. (સ્થાપના જુલાઈ ૨૯, ૧૯૫૮. ૫૦ વર્ષની ઉજવણી માટે નાસાએ બનાવેલો વિશેષ લોગો સૌથી ઉપર જોઈ શકાય છે.) ત્યારે આપણે નાસામાં રહેલા આપણા આ મહાગુજરાતીને ઓળખીએ.

મૂળ વડોદરાના કમલેશભાઈ ૧૯૮૮થી નાસામાં કામ કરે છે, જોકે તેઓ તેમની અદ્વિતીય પ્રતિભાને કારણે ૧૯૯૪માં ચીફ સાયન્ટિસ્ટ(અર્થ સાયન્સ વિભાગ) બની શક્યા છે. 'કળશ' સાથે વાત કરતાં તેઓ કહે છે, 'મને બાળપણથી અવકાશમાં રસ હતો. નાના હતા અને વાર્તા સાંભળતા ત્યારે તેમાં કોઈ ઊડવાની વાત આવે તો ભારે રોમાંચ થતો.' આજે જોકે તેઓ અવકાશયાત્રીને પાઠ ભણાવે છે, એટલે કે અવકાશમાં જતા એસ્ટ્રોનટ્સને ટ્રેનિંગ આપે છે. તેમણે શિક્ષણ વડોદરામાંથી જ પ્રાપ્ત કર્યું છે. મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટીમાંથી તેમણે વિજ્ઞાનના બે વિષયોમાં બેચલર ડિગ્રીઓ મેળવી છે. ૧૯૬૮માં તેઓ બાયોલોજી અને ૧૯૬૯માં કેમિસ્ટ્રીમાં સ્નાતક થયા. ૧૯૭૨માં પર્યાવરણ વિજ્ઞાનમાં માસ્ટર થયા અને ૧૯૭૬માં ઈકોલોજીમાં ડૉક્ટરેટ પણ કર્યું. બાદમાં અમેરિકા જઈને તેમણે સ્પેસ સાયન્સ(અવકાશ વિજ્ઞાન)માં પણ પીએચ.ડી. કર્યું છે. મૂળ તો તેઓ વિજ્ઞાનનો જીવ. ૧૯૬૯ના 'એપોલો'(નીલ આર્મસ્ટ્રોંગે ચંદ્ર પર પ્રથમ પગ મૂક્યો એ) મિશનની સફળતા બાદ તેમનો સ્પેસ પ્રત્યેનો રસ વધ્યો. એવામાં એક વખત રોટરી ઈન્ટરનેશનલના સહયોગથી અમેરિકા જવાની તક મળી. બસ પાછા આવ્યા બાદ તેમણે નાસામાં જોડાવાની તૈયારીઓ શરૂ કરી દીધી. અને તેઓ સફળ પણ થયા. તેઓ અમેરિકા ગયા ત્યારે રિમોટ સેન્સિંગ સાયન્સ(અવકાશમાંથી ઉપગ્રહો વડે પૃથ્વીનું અવલોકન કરવાનું વિજ્ઞાન) હજુ પ્રાથમિક તબક્કામાં હતું. તેમણે આ ક્ષેત્રમાં આગળ વધવાનું નક્કી કર્યું. તે વિશે વાત કરતાં તેઓ ઉમેરે છે, 'અવકાશમાંથી પૃથ્વીનો અભ્યાસ કરવો એ એક રોમાંચક કામ છે, સાથોસાથ પૃથ્વી પરની કેટલીય સમસ્યાઓનું સોલ્યુશન પણ અવકાશમાંથી જ આવે છે.' અવકાશમાંથી પૃથ્વીના અવલોકનનું મહત્ત્વ સમજાવતા તેઓ કહે છે, 'પૃથ્વી પર કયા ભાગમાં શું ચાલી રહ્યું છે? કઈ જગ્યાએ પાકમાં જીવાત પડી છે? ક્યાં દરિયાની સપાટી ઉંચી કે નીચી થઈ છે? વગેરેનું અવલોકન તો અવકાશમાંથી જ થાય છે.' આ માટે અત્યાર સુધીમાં અવકાશમાં જઈ રહેલી ૨૦થી વધુ ટીમને તેમનું માર્ગદર્શન મળ્યું છે .

કમલેશભાઈ નાસામાં 'મિસ્ટર કામ' તરીકે જાણીતા છે. નાસામાં જોડાયા તે પહેલાં તેઓ ઈન્ડિયાના(અમેરિકાનું એક રાજ્ય) સ્ટેટ યુનિવર્સિટીના રિમોટ સેન્સિંગ વિભાગના વડા તરીકે કામ કરતા હતા. હાલમાં તેઓ નાસાની સાથે સાથે યેલાવાડ સ્ટેટ યુનિવર્સિટી અને યુનિવર્સિટી ઑફ હ્યુસ્ટનમાં મુલાકાતી પ્રાધ્યાપક તરીકે પણ કાર્યરત છે. તેમને આમ તો ઘણાં માન-સન્માન મળ્યાં છે પણ તેમાં સૌથી વિશેષ છે, 'ધ એક્સેપ્શન ઑફ એચિવમેન્ટ મેડલ ફોર સાયન્સ'. નાસા તરફથી જ આ મેડલ આપવામાં આવે છે. બહુ ઓછા મહાનુભાવો આ સન્માન મેળવી શક્યા છે. ગુજરાતી હોવાને નાતે તેઓ ગુજરાતી તો સારી રીતે જાણે જ છે, એ ઉપરાંત પણ ભારતની સાત ભાષાઓ તેમને આવડે છે! ગુજરાતના મહાવિજ્ઞાની ડૉ.વિક્રમ સારાભાઈથી તેઓ પ્રભાવિત છે.

નાસાના પોતાના અનુભવો વિશે વાત કરતાં તેઓ જણાવે છે, કે 'અહીં બધા નિષ્ણાત વિજ્ઞાનીઓ, નિષ્ણાત ઈજનેરો, નિષ્ણાત સંશોધકો સાથે કામ કરવાની મજા આવે છે. ગુજરાતીઓ માત્ર વેપાર કરી જાણે તે વાત અહીં ખોટી પડે છે. ગુજરાતી આકાશમાં ઊડીને વિશ્વયાત્રી તથા અવકાશમાં ઊડીને અવકાશ(અંતરિક્ષ) યાત્રી પણ બની શકે છે. અવકાશ વિજ્ઞાન ભારે રસપ્રદ અને અનેક શાખાઓથી ભરેલો વિષય છે. ગુજરાતી યુવકો શા માટે તેમાં રોમાંચક કારકિર્દી બનાવતા નથી?' ગુજરાતી હોવાનું તેમને ભારે ગૌરવ છે. વિશ્વભરમાં ફેલાઈ ગયેલી ગુજરાતી પ્રજાના સંદર્ભમાં તેમણે એક કવિતા પણ લખી છે. તેની એક પંક્તિ...

I have seen you in Africa
I have watched you in the British lands
I have noticed you in America
I have followed you in the Latin lands!

(અનુવાદઃ મેં તમને આફ્રિકામાં જોયા છે, બ્રિટિશરોની ભૂમિ પર મેં તમને જોયા છે, મેં અમેરિકામાં પણ તમારી નોંધ લીધી છે, દક્ષિણની ભૂમિ પર પણ મેં તમને અનુસર્યા છે!)

ગુજરાતી ભાષાના મહાકવિ પ્રેમાનંદ તેમને સૌથી વધુ ગમે છે. ઉપરાંત તેઓ કલાપી, નર્મદ, ઉમાશંકર જોશી, ગુણવંત શાહ, કુમારપાળ દેસાઈ વગેરેને પણ વાંચે છે. આકાશમાંથી ભારત અને ગુજરાત કેવું લાગે તે વિશે તેમને એક પુસ્તક લખવું છે.

''જ્યાં જ્યાં વસે એક ગુજરાતી
ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત''

એ તેમની પસંદગીની પંક્તિઓ છે, કારણ કે ગુજરાતીઓ તેમાં ખરા ઊતર્યા છે.

અમેરિકામાંથી પ્રસિદ્ધ થતાં જર્નલ 'જીઓકાર્ટો ઈન્ટરનેશનલ'ના તેઓ એડિટર-ઈન-ચીફ છે. 'અમેરિકન જર્નલ ઑફ ફોટોગ્રામેટિક એન્જિનિયરિંગ એન્ડ રિમોટ સેન્સિંગ' એવા લાંબાલચક નામે ઓળખાતા સામયિકના તેઓ ગેસ્ટ એડિટર છે.

આવા મલ્ટિ સન્માન પામેલા વિજ્ઞાની સાથે વાત કરો તો તેમાં ક્યાંય પદ કે જ્ઞાનનો અહંકાર ડોકાતો નથી. ગુજરાત માટે તેઓ એક ગૌરવશાળી અવકાશ પુરૂષ છે એમ કહીએ તો ખોટું નહીં લેખાય. ■

ગરવા ગુજરાતી
લલિત ખંભાયતા
k.lalit@guj.bhaskarnet.com

મનનાં મોતી

ડૉ. જિતેન્દ્ર અઢિયા

કેવી રીતે કેળવાય યાદશક્તિ?

ઘણા લોકો ગઈ કાલે શું જમ્યા હતા તે પણ ભૂલી ગયા હોય છે. જ્યારે અમુક લોકોને પૂર્વજન્મની વાતો પણ યાદ આવી જતી હોય છે. ઘણા લોકો હંમેશાં ફરિયાદ કરતા હોય છે કે મારી યાદશક્તિ બહુ સારી નથી.

હકીકત એ છે કે યાદશક્તિ ક્યારેય સારી કે ખરાબ હોતી જ નથી, હોય છે માત્ર કેળવાયેલી અથવા બિનકેળવાયેલી. યાદશક્તિ એ આપણાં મનની અદ્‌ભુત શક્તિઓમાંની એક છે. જાગૃત મન અને અર્ધજાગૃત મનના સંતુલિત ઉપયોગથી તમે ઈચ્છો એ માહિતી ઈચ્છો એટલા સમય માટે સરળતાથી યાદ રાખી શકો છો.

જો કોઈ પણ માહિતી લાંબા સમય સુધી યાદ હોય તો એ માહિતીની આપણી પાંચેય ઈન્દ્રિયોથી નોંધી લેવી જોઈએ. વિદ્યાર્થીઓએ આ બાબત ખાસ સમજવા જેવી છે.

દા.ત. હું તમને ગુલાબના ફૂલ વિશે દસ મિનિટ માહિતી આપું તો એ માહિતી તમને થોડો સમય જ યાદ રહેશે, કારણ કે એ ગુલાબની વાત તમે માત્ર કાનથી સાંભળી છે, પણ વાત કરતી વખતે જો હું તમને ગુલાબનું ચિત્ર બતાવું તો એ વધુ સમય સુધી યાદ રહેશે કારણ કે એમાં તમે તમારી આંખનો પણ ઉપયોગ કર્યો છે.

હજુ આગળ જોઈએ તો એ વાત કહેતી વખતે તમને સાચું ગુલાબ હાથમાં આપું તો તમારી યાદ રાખવાની પ્રક્રિયામાં સ્પર્શ પણ ઉમેરાશે અને હજુ વધુ સમય યાદ રહેશે. જો એની સુગંધનો પણ અહેસાસ કરાવું તો હજુ વધુ લાંબો સમય યાદ રહેશે કારણ કે એ યાદ રાખવામાં તમે ચાર ઈન્દ્રિયનો ઉપયોગ કર્યો છે અને સાથે સાથે જો તમે ગુલાબની પાંદડી મોઢામાં મૂકી એનો સ્વાદ લેશો તો સ્વાદ નામની પાંચમી ઈન્દ્રિયનો પણ ઉપયોગ થશે અને ગુલાબની માહિતી ખૂબ લાંબો સમય સુધી યાદ રહેશે.

વિદ્યાર્થીમિત્રોને હું હંમેશાં કહું છું કે અભ્યાસમાં પણ કોઈ બાબત લાંબો સમય સુધી યાદ રાખવી હોય તો શક્ય એટલી વધુ ઈન્દ્રિયોનો ઉપયોગ કરી એકાગ્રતાથી માહિતીની નોંધ લેવી. અભ્યાસની માહિતીને થોડી રમૂજી બનાવવાથી એનાં ચિત્રો કે ચાર્ટ બનાવવાથી, ગીતની જેમ ગાઈને વાંચવાથી, રેકોર્ડ કરીને સાંભળવાથી વધુ લાંબો સમય યાદ રાખી શકશો.

કોઈ પણ માહિતીની નોંધ આપણું જાગૃત મન કરે છે અને પછી અર્ધજાગૃત મનને સોંપી દે છે. અર્ધજાગૃત મનની મેમરી ડિસ્કમાં આ માહિતી કાયમ માટે સંગ્રહાયેલી રહે છે. જરૂર પડ્યે જાગૃત મન ફરીથી આ માહિતી અર્ધજાગૃત મન પાસે માગે છે અને આપણને એ માહિતી યાદ આવે છે. કોઈ પણ બાબત યાદ રાખતી વખતે અને ફરીથી યાદ કરતી વખતે આપણું મન જેટલું શાંત હોય એટલું જ યાદ કરવામાં સરળતા રહે છે. માટે જ અભ્યાસ કરતાં પહેલાં પાંચ મિનિટ ધ્યાન કરીને પછી અભ્યાસ કરવાની વિદ્યાર્થીને ભલામણ કરવામાં આવે છે.

અર્ધજાગૃત મન ચિત્રોની ભાષા વધુ સારી રીતે સમજે છે. માટે જ ચિત્રાત્મક રજૂઆત લાંબો સમય યાદ રહે છે.

જો આવી પાયાની બાબતો સમજી લેશો તો તમે પણ તમારી યાદશક્તિને સારી રીતે કેળવી શકશો અને રોજિંદા કામોને વધુ સરળ બનાવી શકશો.

મનગમતું : ગમતી વાતો મન ક્યારેય ભૂલી શકતું નથી. ■

jeetadhia@gmail.com

વેકેશન એટલે મામાની પરીક્ષા

વ્યંગ
જગદીશ ત્રિવેદી

મને જણાવતાં અત્યંત દુઃખ થાય છે કે વેકેશન શરૂ થઈ ગયું છે. ઈશ્વરને ગમ્યું તે ખરું પણ વેકેશન ભલે બધાંને વહાલું લાગે પણ મામાઓ માટે બહુ વસમું હોય છે, કારણ જે રીતે ખેતરનાં પાક ઉપર તીડનાં ટોળાં આવી પડે એમ વેકેશનમાં મામાને મામા બનાવવા ચારે દિશામાંથી ભાણેજોનાં ટોળાં આવી ચડે છે. પુત્રની રાહમાં પાંચ-સાત પુત્રીઓને જન્મ આપનારા મા-બાપની મૂર્ખામીનું દુઃખ મામાને સૌથી વધુ વેકેશનમાં થાય છે. આપણે ત્યાં ભાણી-ભાણિયાઓની પરીક્ષા પૂરી થાય ત્યારથી મામાની પરીક્ષા શરૂ થાય છે.

ગયા ઉનાળાનાં વેકેશનમાં મેં મારા દીકરાને એના મામાને ત્યાં મોકલીને સાથે ચિઠ્ઠી મોકલી કે અહીં ગરમી ખૂબ પડે છે તો તમારા ભાણાને પહેલો વરસાદ પડે પછી પરત મોકલવા વિનંતી, પરંતુ પાંચ જ દિવસ બાદ મારો દીકરો કાચીપેઢીના ચેકની માફક પાછો આવ્યો. સાથે મામાની ચિઠ્ઠી લાવ્યો કે ભાણાને રાખો, ગરમીને મોકલો, કારણ તમારા દીકરાનો તાપ અમારાથી સહન થતો નથી.

વેકેશન એટલે પરણેલી સ્ત્રીઓનો પિયરનાં રસોડામાં હંગામી પ્રવેશ, કારણ ભાભીઓ પોતપોતાનાં અલ્લડટપુઓને લઈને એમના મામાને રંજાડવા ગઈ હોય અને નણંદ પોતાના કબજા અને ભોગવટાનાં તોફાની બારકસોને લઈને પધારી હોય. મોટા ભાગનાં જમાઈરાજ વેકેશનમાં પત્ની-બાળકો સાથે શ્રીમતીનાં પિયરમાં આવતા નથી એનું સાવ સાચું કારણ નોકરી કે ધંધો નથી પણ એ બિચારો થોડા દિવસ આ જફાથી છૂટવા માગતો હોય છે. જફા આગળ વફા લાચાર છે.

આપણા નેતાઓ આપણને પાંચ વરસ સુધી મામા બનાવે છતાં ન લાગે તેટલો થાક આપણા ભાણેજો પાંચ અઠવાડિયા મામા બનાવે ત્યારે લાગે છે. વેકેશનના છ વીકથી લાગતી વિકનેસ મામાને બાર મહિના સુધી નબળાઈમાં નાખી દે છે, કારણ ઉઘાડા પગની માનતાવાળા ભાણેજો ક્રિકેટરના દીકરા થઈને પાડોશીની બારીનાં કાચ ફોડી નાખે એના રૂપિયા મામાને ચૂકવવા પડે. જો પાડોશી માથાભારે હોય તો મામાને માર પણ ખાવો પડે, વળી ભાણેજો દુકાળમાંથી આવ્યા હોય એમ આખો દિવસ આઈસક્રીમ, ગોળા-કુલ્ફી ખાધા કરે એની ગરમી મામાના ગજવાને લાગે. આટલું ઓછું હોય એમ સોસાયટીના નાકે આવેલી દુકાનેથી મામાનું નામ આપીને જે ખાણી-પીણી કરી હોય એની જાણ મામાને નિશાળ ખૂલે પછી થાય છે.

હું તો મોસાળમાં જ મોટો થયો છું એટલે બારે મહિના વેકેશનનો અનુભવ કરતો, પણ મારા બીજા ભાઈ-બહેન જ્યારે વેકેશનમાં આવતા ત્યારે મારા તોફાનની માત્રા વધી જતી. અમારા મામાને આર્થિક ખર્ચમાં સક્કરટેટી અને તરબૂચ સિવાય કશું હતું નહીં. જે એ જમાનામાં એક વાડકો ઘઉં કે બાજરો આપવાથી મળી જતાં હતાં, ક્યારેક મામીને ખબર ન પડે એમ મામા અમને પિપરમિન્ટ પણ લાવી દેતા. પાંચ પૈસાની પિપર પથ્થર કરતાં પણ કડક આવતી. મોઢામાં મૂકો પછી આખા દિવસમાં એક તો માંડ ઓગળતી હતી. સ્વાદમાં પણ ખાસ ભાવે એવી નહોતી પણ વેકેશનમાં આવું બધું ખાવું જોઈએ એમ માનીને અમે ઉદારતાથી ખાઈ જતા.

અત્યારનાં ભાણેજો અમારા જેવા બિનખર્ચાળ નથી. અત્યારે ભાણેજોની પિત્ઝા ખાવાની, મૂવી જોવાની અને વૉટરપાર્કમાં લઈ જવાની ફરમાઈશ પૂરી કરવામાં મામો અધમુઓ થઈ જાય છે. આવા સમયે કારમાં ઓવરલોડ પેસેન્જર ભરીને જતો મામો એસ.ટી. બસના ડ્રાઈવર જેવો દેખાય છે, અથવા સ્કૂટર ઉપર ત્રણ આખી અને પાંચ અડધી સવારી પધરાવીને જતો મામો ફેવિકોલની જાહેરાત કરતો હોય એવું લાગે છે.

વાનરમાંથી નર થવાનું વિસરી ગયેલા ભાણેજોને વિદાય કરવાનો દિવસ નજીક આવે એટલે મામાને એમના પપ્પા કહે છે કે બધા માટે એક-એક જોડી કપડાં લઈ આવજે. આ સાંભળીને મામાનું બ્લડપ્રેશર વધી જાય છે, અને વેકેશન બાદ પોતાના બાળકોની ફી, પુસ્તકોના ખર્ચ માટે કરેલી ગોઠવણ વેકેશનમાં વેરવિખેર થઈ જાય છે. વેકેશનનાં ચાર અઠવાડિયાની કળ વળતાં બીજા ચાર મહિના લાગે છે. અંતે એક દિવસ બહેન-ભાણેજો-સૂટકેસ, થેલા અને વૉટરબેગથી ઠાંસોઠાંસ ભરેલી રિક્ષામાં ડ્રાઈવર પાસે બેસીને મામા એસ.ટી. ડેપો આવે છે. ઉનાળાની કાળઝાળ ગરમી અને ગિરદી જોઈને બહેન એમ બોલે કે ભઈલા, કાલ સવારે જવાનું રાખીએ ત્યાં તો ભઈલો ખેતરની વાડમાંથી ખૂંટિયો ઘૂસે એમ બસની બારીમાંથી બસમાં ઘૂસી જાય છે, અને બારીમાંથી જ ભાણેજો, સૂટકેસ, થેલા અને વોટરબેગ ઉપાડીને જીવના જોખમે જગ્યા કરી આપે છે.

બસ ઉપડે ત્યારે મામાની આંખ ભીની થઈ જાય છે, કારણ ભાણેજોના ભરડામાંથી છુટવાનો મામાને હરખ હોય છે. ■

jagdish.trivedi1@gmail.com

ગઝલનું શે'ર માર્કેટ!

હાસ્યથી રૂદન સુધી
નિર્મિશ ઠાકર

ભલે કાયદેસર નથી, પણ ગઝલનું ગેરકાયદેસર માર્કેટ આખા દેશમાં છે એમ હું માનું છું. નેતાઓયે સંસદમાં શાયરી લલકારતા હોય છે. ભેંસો ફિદા થઈ જાય એવા શેર લાલુપ્રસાદના મોઢેથી બહાર પડતા હોય છે. ભાષણો અને વક્તૃત્વ સ્પર્ધામાં ગઝલના શેર ખાસ સ્થાન પામતા હોય છે. છોકરીઓને ઈમ્પ્રેસ કરવા પહેલાં પ્રેમપત્રોમાં શેર લખાતા, તે હવે વધુ ફાસ્ટ બનીને એસ.એમ.એસ. અને ઈ-મેલમાં પણ આવવા લાગ્યા છે. 'નજરને બંધ રાખીને મેં જ્યારે તમને જોયા છે...' જેવો રિંગટોન સાંભળ્યા પછી તો મારી આંખો ખૂલી ગઈ કે સાલું આનું માર્કેટ મોટું હોવું જોઈએ. મવાલીઓનેય શાયરીનો નશો ચડતો હોય છે. 'ભાઈ, અપુન તમારે ભેજ કી બાટલી મેં બેગપાઈપર કી માફિક ચડ જાવે, ઐસા શેર સૂનાતા હૈ...' કહી તમે આ શેર કોઈ પપ્પુ પેજરને સંભળાવો...

ગેમ અપુન કા તૂ કર ડાલ ભલે

અપુન કા લફડા તેરે સાથ ચલે!

...તો પપ્પુ પેજર પણ 'વાહ ઉસ્તાદ, ક્યા શેર મારેલા હૈ!' કહી તમને અચૂક દાદા આપે.

ગઝલમાં પણ શેર હોય છે, એટલે એના કાયદેસર શેરમાર્કેટની રચના કરવા મેં પૂરું પ્લાનિંગ કરી કરી નાખ્યું છે અને તમારા સહકારથી એ અમલમાં પણ આવી શકશે. મારા આ મુદ્દાઓ તમે સ્વીકારો, તો!

ગઝલના બુલ્સ અને બેર્સ

જૂની સ્ટાઈલથી (પારંપરિક) શમ્મા, પરવાના, શરાબ, મયકદા, ચમન, કફન... વગેરેને લપટાવી ગઝલ કરનારા હાલ ઢીલા પડી ગયેલા રીંછ જેવા લાગે છે, એટલે એમને 'બેર્સ-શાયરો' ગણવા. એમને નસીબે હવે મંદી લખાણી છે, છતાં એ સુધરવાના નહીં! એટલે એ મંદીના સમર્થક બેર્સ-શાયરો જ ગણાય. કેટલાક નવા યુગના શાયરો સમયથીયે આગળ નીકળવા શિંગડા ઉલાળી, ફૂંફાડા મારતા... ગઝલમાં 'રણ, સ્પર્શ, હથેળી, ટેરવાં, રિક્તતા' થીયે અગાળ નીકળી, હવે 'પ્રણય ડોટ કોમ, વિરહની વેબસાઈટ, સ્નેહનું સર્ફિંગ, દર્શનનું ડેસ્કટોપ, હૃદયનો રિંગટોન... વગેરે' લાવવા માંડ્યા છે. આ બધા આખલાઓને... માફ કરશો... આ બધા ગઝલની તેજીના સમર્થક શાયરોને ગઝલના 'બુલ્સ-શાયરો' ગણવા. એ ગઝલ બોલવા ઊભા થાય ત્યારે 'હવે આપની સમક્ષ ઉપસ્થિત થાય છે... ગઝલ-બુલ શ્રી ગનપટ હુરટી...' એમ કહી આવકારવા.

ઘાયલ સ્ટ્રીટ

'દલાલ સ્ટ્રીટ' અંગે તમે જાણો જ છો, પણ આપણે હવે ગઝલ અંગે વિચારીએ છીએ, 'પોળ' શબ્દ હવે 'પાંજરાપોળ'

અનુસંધાન પાના નં. ૬